# કતારગામની કે-40 દુકાનનો પરવાનો આખરે 90 દિવસ માટે સસ્પેન્ડ

**અગાઉ** પણ આ દુકાનમાંથી અનાજની હેરાફેરીની વિડીયો ફરતો થયેલો, પરંતુ ઝોનલ કચેરીમાં સેટ કરી મામલો દબાવી દેવાયો હતો

ગુજરાતમિત્ર ઈમ્પેક્ટ

ડભોલી K-40 સસ્તા અનાજ દુકાન પર જનતા રેડ બાદ અનેક ગંભીર સવાલો

## જનતા રેડમાં 1200થી વધુ ગુણ ગાયબ

**અધિકારીઓ** મોડા પહોંચતાં અનાજ માફિયાઓએ જથ્થો 'સગેવગે' કરી દીધાની પણ ચર્ચા, માત્ર 178 ગુણી જપ્ત

**નવાગામ** ગોડાઉનના જીપીઆરએસ રેકોર્ડ

સંભવિત નેટવર્કના નામ ચર્ચામાં, મેનેજરની ભૂમિકા પણ શંકાસ્પદ?

ગુજરાતમિત્ર તા.19-02-2026માં છપાયેલો અહેવાલ

### સસ્તા દરની અનાજની દુકાનોના પરવાના રદ થાય છે, તો ગોડાઉન સામે કેમ પગલાં નહીં?

સુરત શહેરમાં સસ્તા દરની અનાજની દુકાનોમાં ચાલી રહેલી ગંભીર લાલીયાવાડી બાદ મામલો છેક પાટનગરમાં ગાજ્યો છે. આ મામલે પાટનગરથી તપાસનો આદેશ છૂટતા મામલો ગરમાયો હતો. જો કે મહત્વની વાત તો એ છે કે સસ્તા અનાજની દુકાનો અને ગોડાઉન વચ્ચે એવી સુનિયોજીત કડી કામ કરી રહી છે જેની તપાસ થાય તો મામલો બહાર આવે તેમ છે. અત્યાર સુધી ગોડાઉન સામે કોઇ ઠોસ પગલા ભરાયા નથી અને ગોડાઉનથી અનાજ લઇને નીકળતા ટેમ્પાનું લાઇવ લોકેશન ટ્રેકિંગ થાય તો ઘણી હકિકત બહાર આવી શકે તેમ છે.

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં પુરવઠા તંત્રની રેશનીંગની દુકાનોમાં ચાલી રહેલી ગોબાચારીના પડઘા પાટનગરમાં પડતા આખરે કતારગામની કે-40 નંબરની દુકાનનો પરવાનો 90 દિવસ માટે સસ્પેન્ડ કરી દેવાયો છે.

સુરત શહેર અને જિલ્લામાં સરકારી અનાજ ગપચાવતી ગેંગને લીધે ગરીબોના ઘરે સમયસર ચૂલો સળગતો નહોતો. સુરત શહેર અને જિલ્લામાં રેશનીંગની દુકાનોમાં અનાજચોરીનો સડો ફેલાવી રહેલા રાહુલ, નાકજી તેમજ કેલાશ પોટલા સહિત કેલાશ તેપ્પનની કાર્ટેલે આખા તંત્રને પકડમાં લઈ લીધું હતું. તેમની કલેકટરાયલમાં ઉચ્ચાધિકારીઓ સાથે ઉઠક બેઠક અને પાટનગરમાં મોટાપાયે લાયઝનીંગને કારણે અનાજની હેરાફેરી બેરોકટોક ચાલી રહી હતી. આ દરમિયાન ગયા પખવાડીયામાં ફરી કતારગાની કે-40 દુકાન વિવાદમાં આવી હતી. ડભોલી રોડની હરિદર્શનનો ખાડો નજીક સાંસ્કૃત એપાર્ટમેન્ટની કે-40 નંબરની રેશનીંગની દુકાન સરકારી અનાજની હેરાફેરી કરતા ઝડપાઇ હતી. જેને પગલે આ દુકાનના સ્ટોકનું સીઝર કરી મામલતદાર કચેરી દ્વારા કાયદેસરના પગલા ભરાયા હતા. મામલતદારે આ અંગે પુરવઠા તંત્રને અહેવાલ મોકલ્યો હતો. આ અહેવાલને પગલે આ દુકાનને 90 દિવસ માટે સસ્પેન્ડ કરી દેવાઈ છે. આ દુકાનનો ચાર્જ અન્ય દુકાનને સોંપવા માટે મામલતદાર આગળની કાર્યવાહી હાથ ધરશે.

પુરવઠા તંત્રના નિકટવર્તી સૂત્રોનું માનીએ તો કે-40ની રેશનીંગની દુકાનના અનાજના ભૌતિક જથ્થામાં ઘઉં 339 કિલોગ્રામ, ચોખા 1685 કિલોગ્રામ અને ખાંડમાં 59 કિલોગ્રામ સહિત દાળમાં પણ ઘટ જોવા મળી હતી. આ અંગે પરવાનેદાર હેમલતાબેન અમૃતભાઇ પટેલે સંતોષકારક ખુલાસો આપ્યો નહોતો, જેને પગલે તેમની સામે ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (વ્યાજબી ભાવની દુકાનોને લાયસન્સ આપવાની જોગવાઈઓ)નો ભંગ થતા 90 દિવસ માટે પરવાનો સસ્પેન્ડ કરી દેવાયો છે.

# સુરત જિ.પં.ના પ્રમુખ-ઉપપ્રમુખ કપાશે

**૩૬** બેઠકની નવી વહેંચણી પદ્ધતિથી જિલ્લાના રાજકારણમાં ચહલપહલ, અનેક બેઠકોનું સમીકરણ બદલાયું

**નવા** ચહેરાઓ સામે જૂના જોગીઓની ફરી એન્ટ્રીની ચર્ચાથી રાજકારણ વધુ ગરમાશે

સુરતઃ સુરત જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠક માટે રોટેશન જાહેર થતાં જિલ્લાના રાજકારણમાં નોંધપાત્ર ગરમાવો આવ્યો છે. ગુજરાત ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી નવી યાદી મુજબ વિવિધ બેઠકોને અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, બક્ષીપંચ અને સામાન્ય વર્ગ માટે અનામત જાહેર કરવામાં આવી છે. આગામી જિલ્લા પંચાયત ચૂંટણીને ધ્યાનમાં રાખીને જાહેર થયેલી આ યાદી રાજકીય પક્ષો અને સંભવિત દાવેદારો માટે દિશાસૂચક સાબિત થવાની છે.

જાહેર થયેલા રોટેશન મુજબ ઓલપાડ, માંડવી, બારડોલી, પલસાણા, કડોદરા, કામરેજ, માંગરોળ અને ચોર્યાસી તાલુકાની વિવિધ બેઠકોમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. અગાઉ સામાન્ય રહેલી કેટલીક બેઠકો આ વખતે અનામત બનતાં સંભવિત ઉમેદવારોના રાજકીય ગણિતમાં મોટો બદલાવ આવ્યો છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં સક્રિય રહેલા આગેવાનો હવે પોતાની બેઠકની સ્થિતિને આધારે નવી વ્યૂહરચના ઘડી રહ્યા છે. કેટલાક વિસ્તારોમાં અનુસૂચિત આદિજાતિ માટે અનામત જાહેર થતાં સ્થાનિક આદિવાસી સમાજમાં ઉત્સાહ જોવા મળે છે, જ્યારે સામાન્ય વર્ગની બેઠકો ઘટતાં કેટલાક દાવેદારોમાં અસંતોષની લાગણી પણ જોવા મળી રહી છે. આ રોટેશનને કારણે વર્તમાન પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના અનેક સભ્યોને બેઠક બદલવાની ફરજ પડી શકે છે. કેટલીક બેઠકો અનામત બનતાં હાલના હોદ્દેદારો માટે ફરી એ જ વિસ્તારમાંથી ચૂંટણી લડવાની શક્યતા ઓછી થઈ છે. આ વહેંચણી બાદ જિલ્લાના રાજકીય સમીકરણોમાં મોટાપાયે બદલાવ જોવા મળશે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

### નવા ચહેરાઓ સાથે જૂના જોગીઓ અશ્વિન દાઢી અને દર્શન નાયકની એન્ટ્રીનો રસ્તો સાફ!

રોટેશન જાહેર થતાં જ નવા ચહેરાઓને તક મળવાની ચર્ચા તેજ બની છે. બીજી તરફ, રાજકારણમાં અનુભવી ગણાતા કેટલાક નેતાઓ માટે પણ ફરી પ્રવેશનો માર્ગ ખુલ્લો થયો હોવાનું માનવામાં આવે છે. ભાજપ સાથે સંકળાયેલા અશ્વિન દાઢી ફરી જિલ્લા પંચાયત પ્રમુખપદની રેસમાં આવી શકે છે, તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. આ સાથે જ જિલ્લા પંચાયતના રાજકારણમાં સક્રિય રહેલા કોંગ્રેસના દર્શન નાયક પણ ફરી એન્ટ્રી લે તેવી અટકળો તેજ બની છે.

**૩૬ બેઠકની વહેંચણી**

- એસટી (અનુસૂચિત આદિજાતિ) - ૧૯
- એસસી (અનુસૂચિત જાતિ) - ૧
- બક્ષીપંચ - ૪
- જનરલ - ૧૨

### વિકાસના મુદ્દા રહેશે મુખ્ય એજન્ડા

આગામી ચૂંટણીમાં ગામડાં સ્તરે પાણી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ અને આધારભૂત સુવિધાઓ જેવા મુદ્દાઓ મુખ્ય એજન્ડા બનવાની સંભાવના છે. રોટેશન જાહેર થતાં જ સંભવિત ઉમેદવારો દ્વારા મતવિસ્તારોમાં મુલાકાતો, સામાજિક મંડળીઓ અને બેઠકો શરૂ થવાની શક્યતા છે. જિલ્લા પંચાયત ગ્રામ્ય વિકાસની નીતિઓ ઘડવામાં અને અમલીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી આ ચૂંટણીને જિલ્લા રાજકારણ માટે નિર્ણાયક માનવામાં આવી રહી છે. હવે તમામ રાજકીય પક્ષોની નજર ચૂંટણી કાર્યક્રમની સત્તાવાર જાહેરાત પર કેન્દ્રિત થઈ છે.

# બાંદ્રા ટર્મિનસ અને પાલિતાણા વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન

**હોળી** માટેની વિશેષ ટ્રેનનું 25 ફેબ્રુઆરીથી બુકિંગ શરૂ થશે

સુરતઃ યાત્રીઓની સુવિધામાં વધારો કરવા અને હોળીના તહેવારો દરમિયાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા ટર્મિનસ અને પાલિતાણા વચ્ચે ખાસ સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.ટ્રેન નંબર 09013 અને 09014 માટે ટિકિટનું બુકિંગ 25 ફેબ્રુઆરી, 2026 થી તમામ PRS કાઉન્ટર અને IRCTC ની સત્તાવાર વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનમાં મુસાફરો માટે એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ એમ તમામ પ્રકારના કોચની વ્યવસ્થા કરવામાં આવી છે.

### ટ્રેનનું સમયપત્રક અને રૂટની વિગતો

શનિવાર, 28 ફેબ્રુઆરી 2026 ના રોજ બાંદ્રા ટર્મિનસ થી સવારે 11:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે મધ્યરાત્રિએ 00:50 વાગ્યે પાલિતાણા પહોંચશે. રવિવાર, 01 માર્ચ 2026 ના રોજ પાલિતાણાથી બપોરે 15:00 વાગ્યે ઉપડશે અને સોમવારે વહેલી સવારે 05:00 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

### મહત્વનાં સ્ટોપેજ

આ સ્પેશિયલ ટ્રેન મુસાફરી દરમિયાન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર ગુજરાત સ્ટેશનો પર રોકાણ કરશે.

# પંચમહાલ, દાહોદ, ગોધરા અને અમદાવાદ માટે 550 બસ દોડશે

**હોળી** પર્વમાં લોકોને વતન પહોંચાડવા એસટી વિભાગનું ખાસ આયોજન

**ચાર** દિવસમાં 30 હજાર મુસાફરને સેવા આપી 1 કરોડની આવકનો લક્ષ્યાંક

સુરતઃ રંગોના પર્વ હોળી-ધૂળેટીના તહેવારમાં વતન જઈ પરિવાર સાથે ઉજવણી કરવા માંગતા રત્નકલાકારો અને શ્રમજીવીઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC), સુરત વિભાગ દ્વારા, દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરતથી પંચમહાલ, દાહોદ, ગોધરા અને અમદાવાદ તરફ જવા માટે 550 જેટલી એક્સ્ટ્રા બસો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. 27/02/2026થી 02/03/2026 સુધી આમ ચાર દિવસ દરમિયાન દરરોજ સાંજે 04:00 વાગ્યાથી રાત્રે 10:00 વાગ્યા સુધી (અથવા ટ્રાફિક પૂર્ણ થાય ત્યાં સુધી) સતત બસો દોડાવવામાં આવશે, જેથી મુસાફરોને હાલાકી ન ભોગવવી પડે. આ આયોજન થકી અંદાજે 30,000 જેટલા મુસાફરો સુરતથી વતન પહોંચી શકશે તેવો અંદાજ છે. નિગમ દ્વારા મુસાફરોની સુવિધા માટે એક વિશેષ યોજના કરવામાં આવ્યું છે. જો કોઈ આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવે છે, તો એસ.ટી. બસ મુસાફરોને તેમની સોસાયટી કે નિવાસસ્થાનથી જ લેવા આવશે અને સીધા તેમના વતન સુધી પહોંચાડશે. આ માટેનું ગ્રુપ બુકિંગ સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન અથવા અડાજણ બસ પોર્ટ ખાતેના સિટી ડેપો પરથી કરાવી શકાશે. ગયા વર્ષે હોળીના તહેવારમાં 548 ટ્રીપ દ્વારા 29,000 મુસાફરને વતન પહોંચાડી 93.69 લાખની આવક એસટી વિભાગે મેળવી હતી. જ્યારે આ વર્ષે સુરત વિભાગે આ આયોજન થકી 1 કરોડની આવક મેળવવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

**મુસાફરોની સુવિધા માટે વિવિધ રૂટનાં ભાડાં પણ અગાઉથી જાહેર કરી દેવામાં આવ્યાં**

| ક્રમ | રૂટ | ભાડું |
|---|---|---|
| 1 | અમદાવાદ | 325 |
| 2 | દાહોદ | 350 |
| 3 | ઝાલોદ | 355 |
| 4 | ગોધરા | 305 |
| 5 | કવાંટ | 305 |
| 6 | લુણાવાડા | 330 |
| 7 | છોટાઉદેપુર | 315 |
| 8 | રામનગર દાહોદ | 360 |
| 9 | રામનગર ઝાલોદ | 355 |

# અધ્યક્ષે કહ્યું નહીં હોવા છતાં ભાજપ પ્રમુખ રાજ્યપાલને વિધાનસભામાં દોરી ગયા

**'મેં** જગદીશ વિશ્વકર્માને કોઈ આમંત્રણ આપ્યું જ નહોતું', અધ્યક્ષના રૂલિંગથી સન્નાટો છવાયો

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભામાં આજે બજેટ સત્ર દરમિયાન રાજ્યપાલને ગૃહની અંદર આવકારવાના પ્રોટોકોલ પોલિટિક્સના મુદ્દે રાજકીય તાપમાન ચરમસીમાએ પહોંચ્યું હતું. કોંગ્રેસના ઉપનેતા શૈલેષ પરમારે ઉઠાવેલા મુદ્દા પર અધ્યક્ષ શંકર ચૌધરીએ સ્પષ્ટ અને કડક રૂલિંગ આપતાં કહ્યું હતું કે, "મેં જગદીશ વિશ્વકર્માને રાજ્યપાલને દોરીને અધ્યક્ષની ચેર સુધી લઈ જવા માટે કોઈ આમંત્રણ આપ્યું જ નહોતું." આ નિવેદન બાદ ગૃહમાં ક્ષણિક સન્નાટો છવાઈ ગયો હતો.

મામલો બજેટ સત્રના પ્રારંભના દિવસે સર્જાયેલી ઘટનાનો હતો. પરંપરા મુજબ ગૃહના નેતા અને સંસદીય બાબતોના મંત્રી રાજ્યપાલને અધ્યક્ષની ચેર સુધી દોરી જતાં હોય છે. પરંતુ આ વખતે ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને ધારાસભ્ય જગદીશ વિશ્વકર્મા પણ રાજ્યપાલની સાથે આગળ વધતા જોવા મળ્યા હતા.

શૈલેષ પરમારે ગૃહમાં પ્રશ્ન ઉપસ્થિત કરીને અધ્યક્ષનું માર્ગદર્શન માંગતા કહ્યું હતું કે શું આ માટે અધ્યક્ષ દ્વારા વિશ્વકર્માને કોઈ સત્તાવાર આમંત્રણ અપાયું હતું? જો આમંત્રણ આપ્યું હોય, તો કોંગ્રેસના નેતા ડૉ. તુષાર ચૌધરી કે અમિત ચાવડાને કેમ અવગણાયા? "જો અમિત ચાવડાને આમંત્રણ મળ્યું હોત, તો તેઓ પણ રાજ્યપાલને દોરી જતાં," એમ પરમારે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું.

સરકાર તરફથી આ મુદ્દે કોઈ સ્પષ્ટ બચાવ ન આવ્યો. ભાજપના વરિષ્ઠ સભ્ય અને પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ હળવો પ્રતિસાદ આપતાં કહ્યું હતું કે વિશ્વકર્મા અધ્યક્ષની ચેર સુધી ગયા નહોતાં, માત્ર થોડા અંતર સુધી રાજ્યપાલની સાથે ચાલ્યા હતા, જેમાં વાંધો ન હોઈ શકે. પરંતુ અંતિમ નિર્ણયમાં અધ્યક્ષ શંકર ચૌધરીએ સ્પષ્ટ કર્યું હતું કે મેં જગદીશ વિશ્વકર્માને રાજ્યપાલને દોરીને અધ્યક્ષની ચેર સુધી લાવવા કોઈ આમંત્રણ આપવામાં આપ્યું નહોતું. મેં ફક્ત મુખ્યમંત્રી સંસદિય બાબતોના મંત્રીને આમંત્રણ આપ્યું હતું. "જો અમિત ચાવડા પણ આગળ આવ્યા હોત તો કદાચ હું તેમને રોકતો પણ નહીં," એમ કહી અધ્યક્ષે સૂચવ્યું હતું કે ગૃહની કાર્યવાહી નિયમો મુજબ જ ચાલે છે અને સૌએ તેનું પાલન કરવું જોઈએ. તેમાં કોઈ અપવાદ નથી.

ચર્ચાસ્પદ બાબત એ રહી કે રાજ્યપાલને વિધાનસભા ગૃહની અંદર આવ્યા પછી અધ્યક્ષની ચેર સુધી દોરી જવા માટે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા પણ જોડાયા હતા તે મુદ્દે ભાજપમાંથી કોઈએ કોંગ્રેસે ઉઠાવેલા વાંધા સામે બચાવ કર્યો નહોતો, પરિણામે પ્રોટોકોલને લઈને ઊભો થયેલો આ મુદ્દો રાજકીય ગલિયારાઓમાં ચર્ચાનો વિષય બની ગયો છે.

### તાપીમાં માછલી પકડાતો યુવક ડૂબ્યો

સુરતઃ દિલ્હી ગેટ પાસે રહેતા ૨૧ વર્ષીય ચિરાગ ભરતભાઈ રાઠોડ અબ્રામા બ્રિજ નજીક તાપી નદીમાં નાહવા પડ્યા હતા. પિતા સાથે માછલી પકડવા ગયેલા ચિરાગ અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સ્થાનિક લોકો અને પરિવારજનોની મદદ છતાં તેમને બચાવી શકાયા નહીં. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# રાજસ્થાન જતી 300 બસનાં પૈંડાં થંભી ગયાં

**રાજસ્થાન** RTO 1-1 લાખનો દંડ વસૂલવામાં આવે છે

**લક્ઝરી** બસ સંચાલકોની અનિશ્ચિત હડતાળ, હજારો મુસાફરો મુશ્કેલીમાં

સુરતઃ દક્ષિણ ગુજરાત, ખાસ કરીને સુરતથી રાજસ્થાન જતાં મુસાફરો માટે ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે. રાજસ્થાન RTO દ્વારા થતી કહેવાતી કાર્યવાહી અને ભારે દંડના વિરોધમાં સુરતના લક્ઝરી બસ સંચાલકોએ અનિશ્ચિત સમય માટે હડતાળ શરૂ કરી છે. પરિણામે સુરતથી રાજસ્થાનના વિવિધ જિલ્લાઓ માટે દોડતી 300થી વધુ બસોના પૈંડા અટકી ગયા છે.

બસ સંચાલકોનો આક્ષેપ છે કે, રાજસ્થાનની સીમામાં પ્રવેશતાં જ આરટીઓ અધિકારીઓ બસોને રોકી નાની-નાની ખામીઓ બતાવી એક બસ પર એક લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારી રહ્યા છે. ખાસ કરીને ગુજરાતનું રજિસ્ટ્રેશન ધરાવતી બસોને ટારગેટ બનાવવામાં આવી રહી હોવાનું તેઓ કહે છે. ડીઝલ, મેઈન્ટેનન્સ અને ટેક્સનો ખર્ચ પહેલેથી જ ઊંચો હોવાથી આવા ભારે દંડ વચ્ચે બસો ચલાવવી મુશ્કેલ બની ગઈ છે. આ હડતાળને સમર્થન આપતાં શહેરના મોટા ટ્રાવેલ્સ સંચાલકોએ રાજસ્થાન રૂટની તમામ બસ સેવાઓ રદ કરી દીધી છે. સુરત APMC માર્કેટ સામેના ખુલ્લા મેદાનમાં સેંકડો બસો ઉભી રાખવામાં આવી છે. સંચાલકોએ સ્પષ્ટ કહ્યું છે કે રાજસ્થાન સરકાર અને આરટીઓ વિભાગ દ્વારા કથિત હેરાનગતિ બંધ કરવાની ખાતરી ન મળે ત્યાં સુધી એક પણ બસ ચાલુ નહીં થાય.

### ડબલ ટેક્સ છતાં હેરાનગતિ થતાં ચક્કાજામની ચીમકી

શ્રી શિવનાથજી ટ્રાવેલર્સના હરિસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે સરકારના 2015-16-17ના નિયમો મુજબ બસો બનાવવામાં આવી હતી અને પાસ પણ થઈ હતી. હવે 2026ના નવા નિયમોનો હવાલો આપી રજિસ્ટ્રેશન અને ફિટનેસ અટકાવવામાં આવી રહી છે. ઘણી નવી બસો તૈયાર છે પરંતુ નોંધણી થઈ શકતી નથી, જ્યારે માલિકો બેંકની કિસ્તો ચૂકવી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે તમામ સુરક્ષા ધોરણોનું પાલન છતાં વારંવાર ચાલાન આપવામાં આવી રહ્યા છે. જરૂરી બનશે તો બસોને રસ્તા પર ઊભી રાખીને ચક્કાજામ અને ઉપવાસ આંદોલન પણ કરવામાં આવશે.

### ટ્રેનમાં લાંબુ વેઈટિંગ અને બસોની હડતાળથી મુસાફરો પરેશાન

સુરતમાં વસતા લાખો રાજસ્થાની પરિવારો ખાનગી બસ સેવાઓ પર નિર્ભર છે. અચાનક હડતાળને કારણે હજારો મુસાફરો અટવાઈ ગયા છે. ટ્રેનોમાં લાંબી વેઈટિંગ હોવાથી વિકલ્પ પણ મર્યાદિત છે. જોધપુરના રહેવાસી અને સુરતમાં વેપાર કરતા બજરંગસિંહ રાજપુરોહિતે જણાવ્યું કે મારવાડ વિસ્તારના જોધપુર, બારમેર, પાલી અને જાલોર જેવા જિલ્લાઓમાં બસો મુખ્ય પરિવહન સાધન છે. બસ સેવા બંધ થતાં સામાન્ય લોકોને અવરજવર મુશ્કેલ બની ગઈ છે.સંચાલકોએ અન્ય રાજ્યોના બસ ઓપરેટરોને પણ આંદોલનમાં જોડાવા અપીલ કરી છે. હાલ કોઈ ઉકેલ ન દેખાતા મુસાફરો અને પરિવહન વ્યવસાયીઓ બંનેમાં ચિંતા વધી રહી છે.

# આસારામ જામીન પર મુક્ત થયા બાદ વલસાડમાં છૂપી મુલાકાતે

**પ્રવાસનો** ચોક્કસ કાર્યક્રમ, સુરક્ષા વ્યવસ્થા અને અન્ય મુલાકાતો અંગે હજી પણ અસ્પષ્ટતા

વલસાડ : જામીન પર મુક્ત થયેલા આસારામ બાપુએ તાજેતરમાં વલસાડમાં છૂપી રીતે મુલાકાત લીધી હોવાની માહિતી સામે આવી છે. સૂત્રો મુજબ તેમણે સરદાર હાઈટ, પાલી હિલ તેમજ કોસંબા રોડ વિસ્તારમાં પોતાના સાધકોના નિવાસસ્થાનો પર મુલાકાત લીધી હતી. આ સમગ્ર કાર્યક્રમને લઈને વિશેષ ગોપનીયતા રાખવામાં આવી હતી. સ્થાનિક સ્તરે કોઈ જાહેર કાર્યક્રમ કે સભાની જાણ કરવામાં આવી નહોતી. મીડિયા સુધી પણ આ મુલાકાતની માહિતી પહોંચે નહીં તે માટે ખાસ સાવચેતી રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે. સ્થળ પર રિપોર્ટિંગ કરવા પહોંચેલા કેટલાક મીડિયા પ્રતિનિધિઓને દૂર ખસેડવા પ્રયાસ કરાયો હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. તેમ છતાં, આ મુદ્દે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. આસારામે સાધકોના ઘરની મુલાકાત સિવાય શહેરમાં અન્ય કોઈ સ્થળે મુલાકાત લીધી હતી કે નહીં તે અંગે સ્પષ્ટ માહિતી મળી શકી નથી. સમગ્ર પ્રવાસને લઈને અનેક પ્રશ્નો ઉભા થયા છે, પરંતુ સત્તાવાર સ્તરે મૌન પાળવામાં આવ્યું છે. વલસાડમાં આસારામની હાજરી અંગે ચર્ચાઓ ગરમાઈ છે, પરંતુ પ્રવાસનો ચોક્કસ કાર્યક્રમ, સુરક્ષા વ્યવસ્થા અને અન્ય મુલાકાતો અંગે હજી પણ અસ્પષ્ટતા યથાવત છે.

**VNSGUના ૫૮મા પદવીદાન સમારોહમાં ૮,૭૨૫ વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરાશે**

# કાલે ૧૪૯ વિદ્યાર્થી ડોક્ટર ઓફ ફિલોસોફી બનશે

સુરતઃ શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ મક્કમ પગલું ભરતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગુરુવાર, ૨૬ ફેબ્રુઆરીના રોજ ૫૮મો પદવીદાન સમારોહ યોજી રહી છે. આ સમારોહ માત્ર ડિગ્રી વિતરણ પૂરતો સીમિત નહીં રહે, પરંતુ રાજ્યના ઉચ્ચ શિક્ષણ ઈતિહાસમાં એક નવી શરૂઆત તરીકે નોંધાઈ શકે છે, કારણ કે આ વર્ષે ગુજરાતને પ્રથમ 'ઓનર્સ ગ્રેજ્યુએટ' બેચ પણ મળશે.

કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડાની અધ્યક્ષતામાં યોજાનારા આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા ઉપસ્થિત રહેશે. આ વર્ષે કુલ ૧૨ ફેકલ્ટીના ૮,૭૨૫ વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરવામાં આવશે. જેમાંથી ૧૪૯ વિદ્યાર્થીને પીએચડી અને એક વિદ્યાર્થીને એમ.ફિલ. ની ડિગ્રી પ્રાપ્ત થશે. શૈક્ષણિક વર્ષ દરમિયાન ઉત્તમ પ્રદર્શન કરનાર ૩૩ વિદ્યાર્થીઓને વિવિધ ફેકલ્ટીમાં મેડલ એનાયત કરવામાં આવશે.

### રાજ્યનો પ્રથમ 'ઓનર્સ' બેચ

વિશ્વવિદ્યાલય દ્વારા કોમ્પ્યુટર સાયન્સ અને આઈટી ક્ષેત્રે ચાર વર્ષીય 'ઓનર્સ' અભ્યાસક્રમનો પ્રારંભ કરાયો હતો. બી.સી.એ.ના ત્રીજા વર્ષના ૩૪ વિદ્યાર્થીએ ચોથા વર્ષ માટે અરજી કરી હતી, જેને એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટે મંજૂરી આપી હતી. પરિણામે, આ વર્ષે આ વિદ્યાર્થીઓ 'ઓનર્સ ગ્રેજ્યુએટ' તરીકે પદવી મેળવનાર રાજ્યનો પ્રથમ બેચ બનશે.

ફેકલ્ટીવાર આંકડાઓ પર નજર કરીએ તો કોમર્સ ફેકલ્ટીમાં સૌથી વધુ ૩,૪૦૭ વિદ્યાર્થી ડિગ્રી મેળવનાર છે.

આર્ટ્સમાં ૧,૬૦૫, કોમ્પ્યુટર સાયન્સમાં ૧,૩૧૭, સાયન્સમાં ૯૯૬, મેડિસિનમાં ૭૮૨, લૉમાં ૧૮૬, એજ્યુકેશનમાં ૧૯૨ અને હોમિયોપેથીમાં ૧૪૧ વિદ્યાર્થી ડિગ્રી મેળવનાર છે.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

**શહેરહિતમાં સ્મીમેરની...**

નિર્ણય લેશે તેવી આશા વ્યક્ત કરી રહ્યા છે. વર્ષ 2008માં સુરત મહાનગર પાલિકાએ 100માંથી 70 સીટ સુરતના વિદ્યાર્થીઓ માટે ફાળવવાનો ઠરાવ કર્યો હતો. હાલ સીટોની સંખ્યા 250 સુધી પહોંચી છે, ત્યારે પણ 70 ટકાનું જ પ્રમાણ જાળવી રાખવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. એટલે કે, 250માંથી 175 સીટ સુરતના લોકલ ક્વોટા હેઠળ ફાળવવા માટે મનપા દ્વારા ફરી એકવાર સ્પષ્ટ ઠરાવ કરવામાં આવે તેવી એકમત માંગ ઉઠી રહી છે.

**હાલમાં 70...**

અનુરૂપ થાય. હાલમાં જે ક્વોટા છે એ મુજબ ફક્ત 28% ક્વોટા જ શહેરના નાગરિકોને લાભ મળે છે. મને તંત્ર પર વિશ્વાસ છે કે તેઓ શહેરીજનોની લાગણી અને માંગણીને ધ્યાનમાં લેશે અને જરૂરી કાર્યવાહી કરશે

- ડો.કશ્યપસિંહ ખરચિયા, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મેમ્બર, વીએનએસજીયુ

**પરિવાર અને...**

મેળવી ૧૫ વર્ષથી અનૈતિક સંબંધ રાખી ફરિયાદીના પિતાને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી આર્થિક અને માનસિક રીતે શોષણ કરતાં તુષાર ઘેલાણીએ આપઘાત કરવો પડ્યો હતો. જે કેસમાં આરોપીએ જામીન અરજી કરી હતી.

### સ્કૂલની પાર્ટનરશીપ ડીડના આઠ વર્ષમાં કેમ કોઈ ફરિયાદ-અરજી ન થઈ?

ફરિયાદ પક્ષે આક્ષેપ કરવામાં આવ્યો હતો કે વેસુની "BLUE PAPILLON" નામની સ્કૂલમાં આરોપી પુનમે ૫૦ ટકાની ભાગીદારી કરી હતી. જે સંદર્ભે બચાવ પક્ષે વકીલ વિનય શુક્લાએ જામીન અરજીમાં રજૂ કર્યું હતું કે ૨૧/૦૩/૨૦૧૮નાં રોજ પાર્ટનરશીપ ડીડ કરવામાં આવ્યું હતું. જે ૨૬/૦૩/૨૦૧૮નાં રોજ નોટરી દિપક ડી. કલાલને ત્યાં સીરીયલ નં. ૧૩૮૨/૨૦૧૮થી નોટરાઈઝ કરવામાં આવેલ છે, તો આઠ વર્ષ પછી ફરીયાદીને તેના પિતા તુષારભાઈએ મૌખિક વાત કરેલ હોય, તે બાબતે ફરીયાદીએ કે અન્ય કોઈએ પણ અરજી કે ફરીયાદ કેમ ન કરી?

### પરિવાર તુષાર ઘેલાણીનો ઉપયોગ એટીએમ તરીકે કરતો હોવાનો અરજીમાં ઉલ્લેખ

બિલ્ડર તુષાર ઘેલાણીના ફેમિલી વોટ્સએપ ગૃપમાં દીકરી તન્વીએ કરેલી ચેટ જામીનઅરજી સાથે રજૂ કરવામાં આવી છે. જે ચેટનાં આધારે તુષાર ઘેલાણીને પરિવાર અને દીકરી કેવા પરેશાન કરતાં હતાં એ અંગેનાં મેસેજો રજૂ કરવામાં આવ્યાં છે. તેમજ દીકરીની કંકોત્રી લખાણનાં દિવસે બે વખત તુષાર ઘેલાણીએ પુનમને ફોન કર્યાનો ઉલ્લેખ કરાયો છે. તેમજ બિલ્ડર તુષાર ઘેલાણીનો ઉપયોગ તેમનો પરિવાર એટીએમ તરીકે કરતા હોવાનો પણ અરજીમાં ઉલ્લેખ કરાયો છે.

**સુરતીઓ આનંદો...**

માટેના આ ફેઝ ડેવલપમેન્ટમાં વોક-વે, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા અને મનોરંજનના વિવિધ સાધનો વિકસાવવામાં આવ્યા છે. અગાઉ કામગીરીમાં વિલંબ થતા વિપક્ષ અને નાગરિકોમાં પણ ઉહાપોહ જોવા મળ્યો હતો, પરંતુ હવે કામગીરીને આખરી ઓપ અપાઈ રહ્યો છે. વર્તમાન શાસકો પોતાની ટર્મ પૂર્ણ થાય તે પહેલાં આ ગિફ્ટ શહેરીજનોને આપીને પોતાની સિદ્ધિઓમાં વધારો કરશે. 8મી માર્ચના રોજ યોજાનારા આ લોકાર્પણ કાર્યક્રમમાં મંત્રીઓ અને સ્થાનિક નેતાઓની ઉપસ્થિતિમાં ડુમસનો નવો નજારો સુરતીઓ માટે ખુલ્લો મુકાશે, જે આગામી ઉનાળુ વેકેશનમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

**સુરત એરપોર્ટના...**

જ મહિનામાં કુલ 664.10 મેટ્રિક ટન હેરફેર રહી છે. જોકે સુરતમાં જાન્યુઆરી મહિનામાં રમાયેલી ISPL ક્રિકેટ ટુર્નામેન્ટમાં અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન, અક્ષય કુમાર, અજય દેવગણ, સૈફ-કરીના કપૂર, સાઉથના સુપરસ્ટાર રામ ચરણ, સૂર્યા, સચિન તેંડુલકર, મોહમદ કૈફ, મનીન્દરસિંઘ જેવી સેલિબ્રિટી અને લીગનો સ્ટાફની અવર જવર સુરત એરપોર્ટથી રહી હોવા છતાં ડોમેસ્ટિક પેસંજરની સંખ્યા જાન્યુઆરી 2026 માં દોઢ લાખની અંદર રહી હતી. જે ગયા વર્ષે 2025 માં નવેમ્બરમાં સર્વાધિક 1,50,725 નોંધાઈ હતી. એવી જ રીતે 2025 ના ડિસેમ્બર મહિનામાં સર્વાધિક કુલ 21,465 ઈન્ટરનેશનલ પેસેન્જર નોંધાયા હતા. એ રેકોર્ડ જાન્યુઆરી 2026 માં 23,660 પેસેન્જર મળવા સાથે તૂટ્યો છે.

સુરત એરપોર્ટથી હાલ યુએઈના શારજાહ, દુબઈ રૂટની એક - એક અને ઈન્ડિગોની દુબઈ રૂટ પર એક ફ્લાઈટ ચાલે છે. જાન્યુઆરી 2026 થી એરઈન્ડિયા એક્સપ્રેસે સુરત - બેંગકોક - સુરત ફ્લાઈટ ડેઈલી કરતા ઈન્ટરનેશનલ પેસેન્જરની સંખ્યામાં ઉછાળો આવતા 23,660 પેસેન્જર સાથે અગાઉના તમામ વિક્રમ તૂટી ગયા છે.

વર્ષ 2025 ના અંતે સુરત એરપોર્ટના ઈતિહાસમાં સર્વાધિક 18.10 લાખ પેસેન્જરની અવરજવરનો વિક્રમ સર્જાયો હતો. 2025 માં 16,04,019 ડોમેસ્ટિક અને 2,06,404 ઈન્ટરનેશનલ મળી 18,10,513 પેસેન્જર નોંધાયા હતા.

પતરાના શેડ અને એર સ્ટ્રીપવાળા સુરત એરપોર્ટના રનવે વિસ્તરણ અને ટર્મિનલ બિલ્ડિંગના ફેસ વનથી ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગ અને 2905 મીટરના રનવે વિસ્તરણ સુધીના વર્ષ 2007 થી 2025 સુધીના ઈતિહાસમાં સર્વાધિક પેસેન્જર વર્ષ 2025 માં નોંધાયા હતા. 2025 માં એક પણ ડેઈલી ઈન્ટરનેશનલ ફ્લાઈટ ન હોવા છતાં ઈન્ટરનેશનલ પેસેન્જરનો આંકડો 2 લાખ પેસેન્જરને પાર પહોંચ્યો છે. આ વર્ષે કુલ 2,06,404 ઈન્ટરનેશનલ પેસેન્જર મળ્યાં હતા. આ આંકડાઓ સુરતની વધતી વૈશ્વિક ઓળખ, મજબૂત એર કનેક્ટિવિટી અને સતત વધી રહેલી માંગનું પ્રતિબિંબ છે.

# વાપીનો કિશોર બે મહિનાથી સુરત સ્ટેશનના દાદર પર રહેતો હતો

**માતા**-પિતાએ ઠપકો આપતાં ટ્રેનમાં બેસી સુરત આવી ગયો હતો

**રેલવેની** 'સી' ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું

સુરતઃ સુરત રેલવે પોલીસની 'શી ટીમ' દ્વારા ઘરેથી કહ્યાં વગર નીકળી ગયેલા વાપીના ૧૫ વર્ષીય કિશોરનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

રેલવે પોલીસને સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-2 ના દાદર નીચે એક બાળક એકલો દેખાતા તેને વિશ્વાસમાં લઈને પૂછપરછ કરી હતી. તેણે તેનું નામ રોહિત (નામ બદલ્યું છે) હોવાનું અને તે વાપીનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. તેણે જણાવ્યું હતું કે તેના માતા-પિતા ભણવા બાબતે તેને સતત બોલબોલ કરતા હોવાથી તેને માઠું લાગી આવ્યું હતું. આથી તે ગત તારીખ ૨૦/૧૨/૨૦૨૫ ના રોજ કોઈને પણ કહ્યા વગર ઘરેથી નીકળી ગયો હતો અને ટ્રેન પકડી સુરત આવી ગયો હતો. સુરત રેલ્વે પોલીસે વાપી ટાઉન પોલીસ નો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે આ કિશોર અગાઉ પણ બે વાર ઘરેથી ભાગી ચૂક્યો છે. આ કામગીરી સુરત રેલવે પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. મીઠાપરા ના માર્ગદર્શન હેઠળ શી ટીમની મહિલા એ.એસ.આઈ. મનીષા મધુકર અને મહિલા કોન્સ્ટેબલ શીતલબેન દ્વારા કરવામાં આવી હતી.


**અનાવિલ અવસાન**



**સ્વ. નરેશભાઈ મોઘાભાઈ વશી**
નિધન તારીખ:-23-02-2026

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી નરેશભાઈ મોઘાભાઈ વશીનું તા.23-02-2026ને સોમવારના રોજ દુઃખદ નિધન થયેલ છે. સદ્‌ગતની સ્મશાનયાત્રા શુક્રવાર તા.27-02-2026ને રોજ સવારે 9.30 કલાકે અમારા નિવાસસ્થાન પીપલગભાણ દેસાઈવાડ ખાતેથી નીકળી પીપલગભાણ સ્મશાનગૃહ (ખરેરા નદી) મુકામે જશે.
પ્રભુ સદ્‌ગતના આત્માને ચીર શાંતી બક્ષે એ માટે પ્રાર્થના...
નોંધ : સદ્‌ગતનું બેસણું રાખવામાં આવેલ નથી.

લિ.શોકાતુર
ઈના હિમાંશુભાઈ દેસાઈ (પુત્રી) • હિમાંશુભાઈ દેસાઈ (જમાઈ)
ગીરા સોનુ કોમર (પુત્રી) • સોનુ કોમર (જમાઈ)
રીશી દેસાઈ (દોહિત્ર) • માનસી દેસાઈ (દોહિત્રી)
તથા સમસ્ત વશી પરિવાર